# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ









## સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટેની વિવિધ યોજનાઓ

# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

(ગુજરાત સરકારનું જાહેર સાહસ)


કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બી-૧ વીંગ, ત્રીજો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨૫૬૭૪૫, ૨૩૨૫૯૩૭૪, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૯૩૭૮

ઈમેલ : md-gskvn@gujarat.gov.in

વેબસાઈટ : http://sje.gujarat.gov.in/gskvn


Scanned by CamScanner

ગુજરાત સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઈ કામદારોને અન્ય સ્વચ્છ વ્યવસાયો તરફ વાળવા માટે રાજ્ય સ્તરે એક અભિયાન ચલાવી વિવિધ યોજનાઓ મારફતે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને આર્થિક રીતે પગભર કરી તેઓ સમાજમાં માનભર્યું સ્થાન મેળવી શકે તે હેતુથી તા. ૨૪-૧૦-૨૦૦૧ના રોજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની સ્થાપના કરી રૂા. ૫.૦૦ કરોડની શેરમૂડી સાથે નિગમને કાર્યવંત કર્યું છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં નિગમની શેરમૂડી રૂા. ૨૦.૦૦ કરોડ મંજૂર કરેલ છે. જેની સામે રૂા. ૧૪.૦૦ કરોડ શેરમૂડી ભરપાઈ થયેલી છે.

## ઉદ્દેશ :

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો ઉદ્દેશ રાજ્યમાં વસેલા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને તેમના પરંપરાગત અમાનવીય ગુલામી-ગરીબીવાળા અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ અપાવી તેઓ અને તેમના આશ્રિતો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે જરૂરી લોન-ધિરાણ/સહાય અને તાલીમ પૂરી પાડી તેમનું પુનઃસ્થાપન કરવાનો છે નિગમની સીધા ધીરાણ, આવાસ, શૈક્ષણિક લોન, સેનેટરી માર્ટ, તાલીમ અને વીમા ક્વચ સહિતની વિવિધ યોજનાઓ સફાઈ કામદારો અને તેમના આશ્રિતો લાભ લઈને વિવિધ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરે તે માટે નિગમ કટિબધ્ધ છે.

## ધિરાણ મેળવવાની પાત્રતા :

સરકારશ્રી/નિગમ દ્વારા હાથ ધરાયેલ મોજણીમાં મુકરર કરવામાં આવેલા હોય તેવા અથવા શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે નીચે દર્શાવેલ પૈકીના સબંધિત સક્ષમ અધિકારી દ્વારા સફાઈ કામદાર હોવા અંગે આપવામાં આવેલા પ્રમાણપત્રના આધારે ૧૮ થી ૫૦ વર્ષની વયજૂથમાં આવતા સફાઈ કામદારો અને તેમના આશ્રિતો (માતા/પિતા/પતિ) ને નિગમની યોજનાઓનો લાભ મળવા પાત્ર છે.

- નિગમની લોન / સહાય મેળવવા માટે કોઈ આવક મર્યાદા નથી.

## સફાઈ કામદાર / સફાઈ કામદારના આશ્રિત હોવા અંગે પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી

| ક્રમ | કાર્યક્ષેત્રનો વિસ્તાર | દાખલો આપનાર અધિકારી | પ્રતિ સહી કરનાર અધિકારી |
|---|---|---|---|
| ૧ | સરકારી / અર્ધસરકારી / કેન્દ્ર સરકાર / જાહેર સાહસોની કચેરી | રાજ્યપત્રિત અધિકારી અથવા તેની સમકક્ષ અધિકારી/ કચેરીના વડા | - |
| ૨ | મહાનગરપાલિકા | મનપાના રાજ્યપત્રિત અધિકારી અથવા તેની સમકક્ષ અધિકારી | - |
| ૩ | નગરપાલિકા / બરો / નોટીફાઈડ એરીયા / નગરપંચાયત | ચીફઓફિસર | - |
| ૪ | ગ્રામપંચાયત | તલાટી કમમંત્રી | તાલુકા વિકાસ અધિકારી / મામલતદાર/ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| ૫ | શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની ખાનગી સંસ્થાઓ / ધંધાના સ્થળો/ મહોલ્લા / સોસાયટી / કોન્ટ્રાકટર / પાર્ટ ટાઈમ/ છુટક અથવા કામનું સ્થળ નક્કી ન હોય તેવા સફાઈ કામદારો | નોકરીદાતા / કામે રાખનાર | સંબંધિત મનપાના રાજ્યપત્રિત અધિકારી / ચીફ ઓફિસર / મામલતદાર / તાલુકા વિકાસ અધિકારી / એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ / સર્કલ ઓફિસર (રેવન્યુ) |

Scanned by CamScanner

# નિગમ દ્વારા અમલી વિવિધ યોજનાઓ

નિગમ મુખ્યત્વે નીચેની યોજનાઓનો અમલ કરીને સફાઈ કામદાર તથા તેમના આશ્રિતોનું પુનઃ સ્થાપન કરે છે.

૧. રાષ્ટ્રિય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી (NSKFDC) ની સીધા ધિરાણની યોજનાઓ :

(૧) સીધા ધિરાણ યોજના :

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આપવામાં આવતી લોનમાં નિગમ દ્વારા માર્જીનમની ઉમેરીને જુદા જુદા ધંધા અને વ્યવસાય, વિવિધ પ્રકારના વાહનો, મંડપ ડેકોરેશન, કોમ્પ્યુટર, ઝેરોક્ષ, ઈલેક્ટ્રીકની દુકાન, ડેરી યુનિટ, મિઠાઈની દુકાન, અનાજ દળવાની ઘંટી, દરજી કામની દુકાન વગેરે ધંધા રોજગાર માટે સફાઈ કામદારો અને તેના આશ્રિતોના પુનઃસ્થાપન માટે વ્યક્તિગત રૂ. ૧૫.૦૦ લાખ સુધીનું ધિરાણ ૬ ટકાના વ્યાજદરે કરવામાં આવે છે. જૂથમાં પ્રોજેક્ટ રજૂ કરતાં રૂ. ૧૫.૦૦ લાખ સુધીના પ્રોજેક્ટ પણ મંજૂર થઈ શકે છે. લાભાર્થીના ફાળા પેટે ૧૦% માર્જીનમની રાજ્ય સરકાર તરફથી વગર વ્યાજની લોન તરીકે આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૧ થી માર્ચ – ૨૦૧૯ સુધીમાં ૩૭૫૩૯ લાભાર્થીઓને રૂ. ૧૫૩.૮૮ કરોડની લોનનું વિતરણ કરવામાં આવ્યું છે.

મુખ્ય યોજનાઓ નીચે મુજબ છે. :

(૧) મહિલા સમૃદ્ધિ યોજના (MSY)

મહિલાઓને રૂ. ૬૦૦૦૦/– સુધી ધિરાણ ૪% ના વ્યાજના દરે આપવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૩ વર્ષ (૩૬ હપ્તા) નો છે. આ યોજના હેઠળ ૪૦% સુધીની સબસીડી મળવાપાત્ર છે.

(૨) મહિલા અધિકારીતા યોજના (MAY)

મહિલાઓને રૂ. ૧,૦૦,૦૦૦/– સુધીનું ધિરાણ ૫% ના વ્યાજના દરે આપવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૫ વર્ષ (૬૦ હપ્તા) નો છે. આ યોજના હેઠળ ૩૦% સુધી સબસીડી મળવાપાત્ર છે.

(૩) માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના (MCF)

લાભાર્થીઓને રૂ. ૬૦,૦૦૦/– સુધી ધિરાણ ૫% ના વ્યાજના દરે આપવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૩ વર્ષ (૩૬ હપ્તા) નો છે. આ યોજના હેઠળ ૪૦% સુધી સબસીડી મળવાપાત્ર છે.

(૪) ટર્મ લોન (Term Loan)

રૂ. ૫૦૦૦૦/– થી વધુ અને રૂ. ૧૫.૦૦ લાખ સુધીનું ધિરાણ ૬% ના વ્યાજના દરે આપવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૫ વર્ષ (૬૦ હપ્તા) નો છે. આ યોજના હેઠળ ૪૦% થી ૧૫% સુધીની સબસીડી મળવાપાત્ર છે. (મહત્તમ રૂ. ૭૫,૦૦૦/– સબસીડી)

Scanned by CamScanner

(૫) શૈક્ષણિક લોન-યોજના :

સફાઈ કામદારો અને તેમના આશ્રિત બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજમાં મોભાદાર સ્થાન મેળવી શકે તે માટે નિગમ સતત કાર્યરત છે.

- સફાઈ કામદારો અને તેમના આશ્રિતો સહિત સફાઈ કર્મચારીઓના બાળકોને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વ્યવસાયી અથવા ટેકનિકલ શિક્ષણ જેવી કે, ઈજનેરી, તબીબી, મેનેજમેન્ટ, વકીલાત, ફીઝીયોથેરાપી, પેથોલોજી, નર્સિંગ, હોટલ મેનેજમેન્ટ એન્ડ ટુરીઝમ, બેચરલ ઓફ એજ્યુકેશન, પી.એચ.ડી., લેંગ્વેજ, બી.સી.એ., એમ.સી.એ., જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વગરે કક્ષાના સરકાર માન્ય યુનિવર્સીટીના શૈક્ષણિક અભ્યાસક્રમો માટે ભારતમાં રૂા. ૧૦.૦૦ લાખ અને વિદેશ અભ્યાસ માટે રૂા. ૨૦.૦૦ લાખની અધિકતમ લોન મર્યાદાને આધિન આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને ૪% અને વિદ્યાર્થીનીઓને ૩.૫% ના વાર્ષિક વ્યાજના દરે લોન આપવામાં આવે છે.
- લોન પરત ચુકવણીનો સમય નોકરી મળ્યેથી અથવા અભ્યાસક્રમ પુરો થયાના એક વર્ષ આ બંનેમાંથી જે વહેલું હોય ત્યારથી ૫ વર્ષ (૬૦ હપ્તા)નો છે.

(૨) તાલીમ યોજના :

આ યોજના હેઠળ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ દ્વારા નામાંકિત સંસ્થાઓ દ્વારા નીચે દર્શાવેલ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમિયાન લાભાર્થીઓને ટુલકીટસ અને સ્ટાઈપેન્ડ પણ ચુકવવામાં આવે છે.

- સંસ્થા સંલગ્ન પ્રોગ્રામ.
- કુશળતા તાલીમ પ્રોગ્રામ.
- એન્ટરપ્રિનરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ
- નિગમ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં એટીડીસી અને એમપીકોન મારફતે ૨૧૧૦ તાલીમાર્થીઓને કોમ્પ્યુટર ઓપરેટર, મોટર રીવાઈન્ડીંગ, ટેલરીંગ, એમ્બ્રોઈડરી, અગરબત્તી, બ્યુટીપાર્લર વગેરે જેવા વ્યવસાયોની તાલીમ આપવામાં આવેલ છે.

(૩) પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર (સેનેટરી માર્ટ) યોજના

આ યોજના અંતર્ગત સફાઈ કામદારો કે તેઓના આશ્રિતોની રજીસ્ટર્ડ સહકારી મંડળી દ્વારા સજળ જાજરૂના બાંધકામ અને સ્વચ્છતા વિષયક સાધન-સામગ્રીના ઉત્પાદન અને વેચાણની પ્રવૃતિઓ વગેરે માટે ૧૮ થી ૫૫ વર્ષની વય મર્યાદામાં આવતાં સફાઈ કામદારો કે તેમના આશ્રિતોની ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫ સભ્યોની મંડળીને વધુમાં વધુ રૂા. ૫.૦૦ લાખ સુધીનું ધિરાણ / સહાય આપવામાં આવે છે. મંડળીના મુખ્ય પ્રયોજક લઘુત્તમ ધોરણ-૭ પાસ હોવા જોઈએ.

- સેનેટરી માર્ટ મંડળીના સભ્યોને ટેકનિકલ તેમજ વ્યવસાયી તાલીમ આપવાની પણ જોગવાઈ છે જે માટે તાલીમ લેનાર લાભાર્થીઓને વ્યક્તિ દીઠ માસિક રૂા. ૫૦૦/- લેખે સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે. માર્ચ-૨૦૧૯ સુધીમાં ૭૬ મંડળીના ૧૩૭૬ લાભાર્થીઓને રૂા. ૧.૨૯ કરોડ લોન/સહાય ચૂકવવામાં આવી છે.

(૪) જાગૃતતા શિબિર (Awareness Camp)

સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને નિગમની વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે અને તેઓ નિગમની યોજનાઓનો બહોળા પ્રમાણમાં લાભ મેળવે તે હેતુથી તેમનામાં જાગૃતતા કેળવવા નિગમ દ્વારા જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ જાગૃતતા શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

Scanned by CamScanner

૨. રાજ્ય સરકારની યોજનાઓ :

(૧) પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજના :

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ નવી દિલ્હીની સીધા ધિરાણ યોજના હેઠળ લાભાર્થીએ ભરવાના થતા ૧૦% ફાળા (માર્જીનમની) ની રકમ નિગમ દ્વારા બિનવ્યાજકીય લોન પેટે આ યોજના હેઠળની જોગવાઈમાંથી આપવામાં આવે છે.

- આ યોજના હેઠળ નિગમ દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કરેલ ધિરાણના યુનિટ કોસ્ટની મર્યાદામાં રહીને ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦/- સુધી સબસીડી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને માલિકીના ધોરણે ફાળવેલ વ્યક્તિગત મકાનોના રીપેરીંગ માટે સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા દરખાસ્ત કર્યેથી સફાઈ કામદારોને વ્યક્તિગત બિનવ્યાજકીય લોન આપવામાં આવે છે. જેમાંથી આવી વસાહતોના મકાનોની સીડી, કઠેડો, ધાબાની પેરાફીટ તથા કોલોનીના સાર્વજનિક જાજરૂના રીપેરીંગ માટે નો ખર્ચ કરી શકાશે.

(૨) ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના :

રાજ્ય ના સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને રહેણાંકના પાકાં આવાસો સમયબધ્ધ કાર્યક્રમ રૂપે પુરા પાડવા માટે ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને કોઈ આવક મર્યાદા સિવાય વ્યક્તિગત રૂા. ૧,૨૦,૦૦૦/-ની સહાય અને કાયમી સફાઈ કામદાર હોય તો તેમને સહાય ઉપરાંત શહેરી વિસ્તારમાં રૂા. ૬૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તારોમાં રૂા. ૩૦૦૦૦/- ની બીન વ્યાજકીય લોન આપવામાં આવે છે. મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તાર માટે રૂા. ૭,૦૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૫,૦૦,૦૦૦/-ની નિયત કરવામાં આવી છે. બીન વ્યાજકીય લોનની વસુલાત મહાનગરપાલિકા/નગરપાલિકાએ સંબંધિત કર્મચારીઓના પગારમાંથી કપાત કરી દર માસે રૂા. ૫૦૦/- નો એક એવા ૧૨૦ હપ્તામાં નિગમને નિયમિત ચૂકવી આપવાની રહે છે.

- વર્ષ ૨૦૦૪ થી માર્ચ-૨૦૧૯ સુધીમાં આ યોજના હેઠળ ૩૮૯૨૪ લાભાર્થીઓને રૂા. ૧૦૨.૫૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. તદ્ઉપરાંત ૩૫૧૫ નગરપાલિકા / મહાનગરપાલિકાના લાભાર્થીઓને કલસ્ટર હાઉસના બાંધકામ માટે રૂા. ૩૪.૧૬ કરોડની બિન વ્યાજકીય લોન અને સહાય ચૂકવવામાં આવી છે.

(૩) છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની યોજના :

આ યોજના અંતર્ગત રાજયમાં મહાનગરપાલિકા / નગરપાલિકા / ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઈનું કામ કરતાં રોજમદારોને ગટરની સફાઈ કરવા માટે ડિઝલ મશીન, લોડીંગ સાઈકલ, પાઈપ તેમજ સલામતીના સાધનો સહિતની ખરીદી માટે રૂા. ૫૦૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. ૨૨૬ લાભાર્થીઓને ૧.૧૩ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૪) વીમા કવચ યોજના :

ગુજરાત સરકાર દ્વારા પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના હેઠળ સફાઈ કામદારનું આકસ્મિક મૃત્યુ થાય

Scanned by CamScanner

તે પ્રસંગે મૃતકના વારસદારોને રૂ. ૧.૦૦ લાખનું વીમા કવચ ચૂકવવામાં આવે છે અને સફાઈ કામદારનું મૃત્યુ ગટરમાં ગૂંગળામણથી, ઝેરી ગળતરથી કે ડૂબી જવાથી થાય તો મૃતકના આશ્રિત/કુટુંબને વધારાના રૂ. ૨.૦૦ લાખની સહાય નિગમ દ્વારા ચૂકવવામાં આવે છે.

(૫) ધો. ૧૦ અને ધો. ૧૨ ના સફાઈ કામદાર બાળકોને એવોર્ડ :

સફાઈ કામદારોના બાળકો અને તેઓના આશ્રિતોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડની પરીક્ષામાં (સફાઈ કામદારોના બાળકો પૈકી) સમગ્ર રાજ્યમાં ૧ થી ૩ ક્રમ મેળવતાં બાળકોને પ્રોત્સાહન રૂપે નીચે મુજબ રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર આપવાની યોજના વર્ષ ૨૦૧૨-૧૩થી શરૂ કરવામાં આવી છે.

| વિગત | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ (સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ) |
|---|---|---|
| પ્રથમ ક્રમ | ૪૧૦૦૦/- | ૩૧૦૦૦/- |
| બીજો ક્રમ | ૨૧૦૦૦/- | ૨૧૦૦૦/- |
| ત્રીજો ક્રમ | ૧૧૦૦૦/- | ૧૧૦૦૦/- |

વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૮-૧૯ સુધીમાં ૪૦ બાળકોને રૂ. ૯.૨૦ લાખની પ્રોત્સાહન રકમ અને પ્રશસ્તિપત્રો આપવામાં આવેલ છે.

નિગમની વિવિધ યોજનાઓની માહિતી જે તે જીલ્લા મેનેજર અને નાયબ નિયામકશ્રીની કચેરી અથવા નિગમની વેબસાઈટ પરથી મળી રહેશે.

એન. એલ. બગડા
મેનેજીંગ ડીરેક્ટર


# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બી-૧ વીંગ,
ત્રીજો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.


Scanned by CamScanner